
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈઓ... કાલથી કમૂર્તા બેસી જાય છે, કોઈ સારા કામ કરતા નહીં...!!!

# શહેરના ઘ-૩ પાસે હોન્ડા સીટી કારમાં આગ લાગી



શહેરના ઘ-૩ સર્કલ પાસે સિવિલ હોસ્પિટલના ગેટની સામે સાંજના સમયે અચાનક હોન્ડા સીટી કારના આગળના ભાગે આગ લાગી હતી. જો કે ગણતરીના સમયમાં જ કારનો એન્જીન સહિતનો ભાગ બળીને સ્વાહા થઈ ગયો હતો. જયારે બનાવની જાણ ફાયર ટીમને થતા તાત્કાલીક પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.જયારે સાંજના સમયે કારમાં આગ લાગતા સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

## ખૂણેખાંચરેથી

● દહેગામ બાલમુકુન્દ કોમ્પલેક્ષ પાસે પાર્ક કરાયેલ એક કારના કાચ તોડી રૂ. ૬૦ હજારની રોકડ રકમ ચોરાઈ જવાની ઘટના નોંધાઈ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગરના એક્ઝીબીશન સેન્ટરમાં ખાદ્ય ખોરાકના યોજાયેલ એક્ઝીબીશનને લઈ સર્વિસ રોડ પર વાહનો પાર્ક કરતાં કર્મચારીઓ અને વસાહતીઓને માર્ગ પરથી પસાર થવામાં પણ પ્રશ્નો ઉભા થયા છે.

● ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર એન્ડીંગ નજીક આવતાં વાર્ષિક સ્નેહ-મિલન સમારોહની મોસમ જામી છે.

● આજથી કમુરતાની મોસમ શરૂ થઈ જતાં ધાર્મિક કે શુભ પ્રસંગો એક મહિના સુધી યોજાશે નહિ.

● ચ-રોડ પર ચ-૩ થી જ રસ્તો મોટા વાહનો માટે બંધ કરાયો છે તેમજ સે. ૭ અને ૮માં રહેતા વસાહતીઓ માટે એક માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને એસ.ટી. બસોની સુવિધા આપવાની માંગ ઉઠી છે.

● ગાંધીનગર શહેરમાં આવાસ ફાળવણીની યાદી મોટી થવા પામી છે.

● કલોલમાં ટાવર ચોક ખાતે શ્રમ-રોજગાર મંત્રાલય દ્વારા શ્રમિક ચોપાલનું આયોજન કરાયુ હતુ.

● ચિલોડાની ગુરૂકુળ પ્રા. શાળામાં નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં ગટરો ઉભરાવવાને કારણે દુર્ગંધનું સામ્રાજ્ય વધ્યુ છે.

● મનપાના કમિશનર અને વન વિભાગના અધિકારીઓની આજે એક બેઠક મનપા ખાતે યોજાઈ હતી.

● શહેરના મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો નોંધાયો છે.

## મહુન્દ્રા ગામે ધી મહુન્દ્રા દૂધ ઉત્પાદક મંડળીના નવીન મકાનનું ખાતમુહૂર્ત કરાયું



ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે ધી મહુન્દ્રા દૂધ ઉત્પાદક મંડળી લી.ના નવીન મકાનનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તેમજ તાલુકા સદસ્ય જિતેન્દ્રસિંહ સોલંકી, ગામના સરપંચ તથા મહુન્દ્રા દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન જયેન્દ્રભાઈ રાવલ તથા સમસ્ત ગામ આગેવાનો અને પશુપાલકો, ગ્રામજનો હાજર રહી ખાતમુહૂર્તની શાસ્ત્રોક્ત પૂજાવિધિ કરવામાં આવી હતી.

## રસ્તો ક્રોસ કરવા જતા બાઈકની ટક્કરે શખ્સને ઈજા

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર માર્ગ ઓળંગી રહેલા શખ્સને અજાણ્યા બાઈક ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટકકર મારતા શખ્સને હાથે પગે અને શરીરે ઈજા પહોંચી હતી. જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ છાપરા ખાતે ભરત ફુલાભાઈ દંતાણી પોતાના પરિવાર સાથે રહે છે. તેના પરિવારમાં પત્ની કોકીલા અને ૧૦ વર્ષનો દિકરો ભાવેશ છે.જયારે ભરત કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સેકટર-૧૩ ખાતે પોતાના છાપરામાંથી ચાલીને લિંબચ ધામ તરફ જઈ રહ્યા હતા. તે સમયે બાઈક ચાલક યુવકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ચાલતા જતા શખ્સને ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ભરતને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ થઈ હતી. જયારે ડાબા પગનો ઘુંટીના ભાગના નળાનું હાડકુ તુટી જતા ઈજા પહોંચી હતી. બાઈક નં. જી.જે.૧૮.ડી.એમ.-૩૫૦૮ નંબર લખેલો હતો. જયારે અકસ્માતને પગલે સ્થાનિક વસાહતીઓ દોડી આવ્યા હતા. જયારે ભરતભાઈને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયા ડોકટર દ્વારા તપાસ કરવામાં આવતા પગના નળાના ભાગે હાડકુ તુટી ગયું છે. બનાવ અંગે બાઈક ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચંદ્રાલા પાસેથી બે ગાડીમાંથી ૧૩૬૦ લીટર દેશી દારૂ ઝડપી પાડયો

### પોલીસે દેશીદારૂ, બે ગાડી મળી કુલ રૂ.૨.૮૨ લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ચંદ્રાલા બ્રીજ નીચે મજરા થી ચિલોડા તરફ જતા માર્ગ પરથી દેશી દારૂની બે ગાડી પકડી પાડી સમગ્ર કૌંભાડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ૧૩૬૦ લીટર દારૂ કિં.૨૭,૨૦૦ તેમજ બે ગાડી કિ.૨.૫૦ લાખ મળી કુલ રૂ.૨.૮૨,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ એલસીબી કરી રહી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે એલસીબી પોલીસને બાતમી મળી હતી કે ચંદ્રાલા બ્રીજ નીચે મજરા થી ચિલોડા તરફ જવાના માર્ગ પર થી કોરોલા ટોયેટા જી.જે.૦૧. એચ.જી.-૧૩૬૩ તેમજ રીટ્ઝ જી.જે.૨૭.કે.-૪૨૦૩ ને પકડી પાડી હતી. પોલીસે ગાડી ચેક કરતા ટોયોટા કારમાંથી કિં.૧૭ હજારનો ૮૫૦ લીટર દેશી દારૂ પકડી પાડ્યો હતો. જયારે પોલીસે નામ પુછતા રાહુલ લાલુરામ મીણા (રાજપુત, ઉં.૨૨, રહે, નાગેશ્વરી પાણીના પ્લાન્ટ પાસે ઠક્કરનગર અમદાવાદ) અને સતપાલસિંઘ અમોદસિંઘ તોમર (ઉં.૩૨, રહે. પરીહારનગર ગલી નં.૨ મેઘાણીનગર અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. જયારે રીટઝ ગાડીમાંથી પોલીસને દેશી દારૂના ૧૫ કટ્ટામાંથી ૫૧૦ લીટર દેશી દારૂ કિં.૧૦,૨૦૦ તેમજ ગાડી કિં.૧ લાખ, એક મોબાઈલ મળી કુલ રૂ.૧.૧૦ લાખ થી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે પોલીસ તપાસમાં અમદાવાદ ઠક્કરનગર કેવડાની ચાલી ખાતે રહેતા રઘુનાથસિંહ રાઠોડ અને શનિભાઈ (રહે નરોડા) એ દેશી દારૂ મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે.જયારે પ્રાંતિજ માવાની મુવાડી ખાતે રહેતા મહેન્દ્રસિંહ ઉર્ફે લાલો સજ્જનસિંહ ઝાલા એ માલ આપ્યો હોવાનું ધ્યાને આવ્યું છે.જયારે આ ત્રણેય આરોપી વોન્ટેડ છે.



અરણ્ય ભવન ખાતે કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્યકક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વન પર્યાવરણ વિભાગના સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વન્ય પ્રાણીઓના સંરક્ષણ, પર્યાવરણીય માળખાકીય સુવિધાઓનો વિકાસ, પ્લાસ્ટીકનો ન્યૂનત્તમ ઉપયોગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય પર્યાવરણ સંરક્ષણને લગતા મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી.

## દહેગામના પાલૈયામાં પતિએ પત્નિના ગળા પર ગ્રાઈન્ડર ફેરવી હત્યા કરી

### પોતાના ગળા પર ગ્રાઈન્ડર ફેરવી દેતા પતિ ગંભીર હાલતમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના પાલૈયા ગામમાં દંપતિ વચ્ચે ચાલી રહેલા ખટરાગે મોટું સ્વરુપ ધારણ કરી લીધુ હતું. જેમાં પતિએ ગ્રાઈન્ડર મશીનથી પત્નીનું ગળુ કાંપી નાંખીને હત્યા કરતા હોહા મચી ગઈ છે.જયારે યુવકે તે ગ્રાઈન્ડર તેના ગળા પર પણ ફેરવી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેને ગંભીર હાલતમાં અમદાવાદ સારવાર માટે ખસેડાયો છે. બનાવને પગલે દહેગામ પોલીસ પાલૈયા ગામે દોડી આવી હતી. જયારે કયાં કારણોસર ખુની ખેલ ખેલાયો તેની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના પાલૈયા ગામે દિનેશભાઈ પ્રહલાદભાઈ ચૌહાણ અને તેમની પત્ની ગીતાબેન દિનેશભાઈ ચૌહાણ બે દિકરા અને એક દિકરીના પરિવાર સાથે રહે છે. જયારે દિનેશભાઈ લાઈટ રીપેરીંગ અને ખેતીનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.કેટલાક સમયથી દંપતિ વચ્ચે ખટરાગ ચાલી રહ્યો હતો. આજે પરિવારના સભ્યો લગ્નપ્રસંગે બહાર ગામ ગયા હતા.જયારે એક દિકરો પાર્લર પર ગયો હતો. જેથી ઘરે રહેલા દંપતિ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા દિનેશભાઈએ ગ્રાઈન્ડર મશીન તેમની પત્ની ગીતાબેનના ગળે ફેરવી હત્યા કરી હતી. જયારે દિનેશભાઈએ પણ પોતાના ગળા પર ગ્રાઈન્ડર મશીન ફેરવી આપઘાતનો પ્રયાસ કર્યો છે. હોબાળો થતા કંઈક અજુગતુ બન્યાની જાણ થતા પાડોશીઓ દોડી આવ્યા હતા. દિનેશભાઈને ગંભીર હાલતમાં સારવાર માટે ૧૦૮માં અમદાવાદ લઈ ગયા હતા. જયાં તે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હોવાની વિગતો મળી રહી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## રાંદેસણ વેદિકા હપ્પી વેલી સોસાયટીના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના રાંદેસણ સ્થિત સીટી પ્લસ સિનેમાની પાસે વેદિકા હેપ્પી વેલી સોસાયટીના પાર્કિંગમાંથી પેશન પ્રો બાઈકની ઉઠાંતરી થવા પામી છે. છેલ્લા એક મહિનાથી પરિવાર રાજસ્થાન ગયો હતો. યુવકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાન નાથદ્વારાના અને હાલ ગાંધીનગર રાંદેસણ વેદિકા હેપ્પી વેલી ખાતે છેલ્લા બે વર્ષથી હેમંત રઘુનંદન ટેલર પોતાના મિત્ર સાથે ભાડે થી રહે છે. હેમંત ટેલર જી એમ આરસીએલમાં એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. જયારે નોકરી પર આવવા જવા માટે હીરો પેશન બાઈક નં.જી.જે.૧૮.ડી.જે.-૫૬૯૫ નો ઉપયોગ કરવામાં આવતો હતો. ગત તા.૧૯ નવેમ્બરના રોજ રાજસ્થાન ખાતે લગ્ન પ્રસંગ હોવાથી જવા માટે નીકળતા બાઈક સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરીને મુકયું હતું. રાજસ્થાનથી ગત તા.૧૧ ડિસેમ્બરના રોજ રાત્રીના સાડા નવ વાગે આવીને જોયુ તો વેદિકા હેપ્પી વેલીના પાર્કિંગમાંથી બાઈકની ચોરી થવા પામી હતી. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી,પરંતુ બાઈક મળી આવ્યું ન હતું.

જેથી હેમંત ટેલરે પોલીસ મથકે રૂ.૪૦ હજારની કિંમતના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




ગાંધીનગર,તા.૧૫

ગૂજરાત વિદ્યાપીઠ એસ. સી., એસ. ટી. અને ઓ. બી. સી. સેલ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદની મહાદેવ દેસાઈ સમાજ સેવા કોલેજ હેઠળના તમામ વિભાગો અને ટીચિંગ કોલેજોના લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની માહિતી અને પોસ્કો POCSO કાનૂન વિશે માહિતી અને મફત કાનૂની સલાહ કેવી રીતે વિથાર્થીઓ પ્રાપ્ત કરી શકે તે માટેનો આપવા એક કાર્યશાળા અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન હીરક મહોત્સવ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના સચિવ શ્રી પી.જી. સોની, એસ ડી. ચિત્રૌયા, સુધીર દેસાઈ, અનુસૂચિત જાતિ વિભાગ- ગાંધીનગરના નાયબ નિયામક - ડૉ. રોહિત વિનોદ, સંજય દવે, વિકાસતિ જાતિ વિભાગ- ગાંધીનગરનાં શ્રી દિવ્યાંગ પરમાર અને ડૉ. રાજેશ મકવાણા- પ્રોફેસર, સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ઉપરોક્ત વિષયોની સવિશેષ માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, ભજનથી કરવામાં આવી હતી,

ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યુ હતું. ગુજરાત વિદ્યાપીઠનાં મહાદેવ દેસાઈ સમાજસેવા કોલેજના સંયોજક ડો. કમલેશ ભાઈ પટેલ અને આઈ.ક્યુ. એ. સી.સેલ ગૂજરાત વિદ્યાપીઠના કન્વીનર ડો. નિમિષા બેન શુક્લાએ કાર્યક્રમની રૂપરેખા આપતા વિદ્યાર્થીઓને આ જાગૃતિ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું.

સૂતના માલા દ્વારા તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને પછી દરેકે મહાનુભાવ પોતપોતાના નિવેદનો આપ્યા હતા. વિદ્યાર્થીઓએ તમામ નિવેદનો ધ્યાનથી સાંભળ્યા અને મહત્વપૂર્ણ પ્રશ્નો પણ પૂછ્યા. કાર્યક્રમનું સંચાલન ગુજરાત વિદ્યાપીઠના પ્રોફેસર ડો.નીરજ સિલાવતે કર્યુ હતું. જયારે આભાર વિધિ ડૉ. પ્રતિક શિલ્પકારે કરી હતી

## એકટીવાને ટ્રક ચાલકે ટક્કર મારતા મહિલા કોન્સ્ટેબલનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નંદાસણ પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલ એકટીવા લઈ પોતાના પિયર વામજ ગામે જઈ રહ્યા હતા. ત્યારે રાજપુર પાટીયા પાસે પહોંચતા અચાનક ટ્રક ચાલકે પાછળથી ટક્કર મારતા મહિલા કોન્સ્ટેબલ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચતા તેણીનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે તેમના ૧૧ માસના દિકરાએ માતાની છત્રછાયા ગુમાવી છે.

આશાબહેનના મૃત્યુને પગલે પોલીસ બેડામાં પણ શોકનું મોજુ ફરી વળ્યું છે. આજે આશાબહેનને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપવામાં આવી હતી.

મળતી વિગત મુજબ કડી તાલુકાના નંદાસણ પોલીસ મથકમાં ફરજ બજાવતા આશાબેન રબારી વામજ ગામના વતની હતા. તેમના લગ્ન આશરે દોઢ વર્ષ પૂર્વે અંબાસણ ગામના રાજુભાઈ રબારી સાથે સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા.જયારે આશા બહેન વર્ષ ૨૦૧૬-૧૭ ની પોલીસ ભરતીમાં નોકરી લાગ્યા હતા.જયારે આશરે દોઢ માસ અગાઉ તેમની બદલી કડી ખાતે થઈ હતી. નંદાસણ પોલીસ મથકમાં આશાબેન ફરજ બજાવતા હતા. અંબાસણ રહેતા આશાબેન માતાની તબિયત નાદુરસ્ત હોવાથી તાજેતરમાં પિયર વામજ ગામે ગયા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અનિયમિત વિદ્યાર્થીઓના સત્ર નામંજૂર કરવા બાબત

ગાંધીનગર,તા.૧૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકેન્દ્રી શિક્ષણ અને સંશોધન માટે પ્રતિબદ્ધ વિશ્વની એકમાત્ર વિશ્વવિદ્યાલય સ્તરે કાર્યરત સંસ્થા છે. આ સંસ્થામાં કેટલાક અનુસ્નાતક કક્ષાના નિયમિત અભ્યાસક્રમ ચાલે છે, જેમાં માસ્ટર ઈન ફૂડ એન્ડ ન્યુટ્રીશન, માસ્ટર ઈન સોશિયલ વર્ક, માસ્ટર ઈન એડ્યુકેશન, માસ્ટર ઈન ગુજરાતી (બાળસાહિત્ય), માસ્ટર ઈન સાઈકોલોજી વગેરેનો સમાવેશ થાય છે.

આ અભ્યાસક્રમમાં ભણતા વિદ્યાર્થીઓની મુખ્ય પરીક્ષા તા. ૧૬/૧૨/૨૦૨૨થી શરૂ થાય છે, જેમાં બેસવા માટે યુ.જી.સી.ના નિયમાનુસાર સત્ર દરમિયાન વિદ્યાર્થીની થિયરી વિષયમાં ૮૦ ટકાથી વધુ અને પ્રેક્ટિકલ વિષયમાં ૯૦ ટકાથી વધુ હાજરી હોવી આવશ્યક છે. યુનિવર્સિટી કોઈ એક્સટર્નલ અભ્યાસક્રમ ચલાવતી ન હોવાથી આ નિયમ યુનિવર્સિટીમાં ચાલતા તમામ નિયમિત અભ્યાસક્રમને લાગુ પડે છે. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓની હાજરી ૮૦ ટકાથી ઓછી થતી હોવાથી એકેડેમિક કાઉન્સિલની તા. ૦૭/૧૨/૨૦૨૨ ના રોજ મળેલી બેઠકમાં આ સંદર્ભે વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં વિદ્યાર્થી હિતમાં એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓની હાજરી ૬૫ ટકાથી વધુ હોય તે વિદ્યાર્થીના સત્રને મંજૂરી આપવી.

આ સંદર્ભે સત્ર દરમિયાન અનિયમિત રહેલા વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવા દેવા માટે યુનિવર્સિટીના શિક્ષણકેન્દ્રના નિયામકશ્રી પ્રોફ. બી.ડી. ઢીલા સમક્ષ રજૂઆત કરી હતી. જે અંગે તેમણે જણાવ્યું હતું કે આ વિષયમાં સર્વસત્તા એકેડેમિક કાઉન્સિલ હસ્તક રહેલી હોવાથી આવા વિદ્યાર્થીઓના સત્રને મંજૂરી આપવી કે નહીં તે અંગે આગામી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં વિચારણા કરવામાં આવશે.

## મહેસાણા જિલ્લાના ઊંઝા મુકામે રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સન્માન એવોર્ડથી સન્માન




ગાંધીનગર, તા. ૧૫

તાજેતરમાં ઊંઝામાં ટીમ મંથન ગુજરાત દ્વારા રાષ્ટ્રીય શિક્ષક સન્માન-૨૦૨૨ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના ડીંગુચા પ્રાથમિક શાળાના શિક્ષિકાબેન જિજ્ઞાસાબેન એચ. પ્રજાપતિને એવોર્ડ એનાયત કરાયો હતો. તેમણે શિક્ષણક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમને સન્માનિત કરાયા હતા. ટીમ મંથનના નેશનલ મોટીવેટર શૈલેષભાઈ પ્રજાપતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

આ કાર્યક્રમમાં ભારતના ૧૬ રાજ્યોમાંથી વિશિષ્ટ કામગીરી કરતા ૧૦૦ શિક્ષકોને અને ગુજરાતના ૭૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. જેમને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સાબરમતી યુનિવર્સિટીમાં હ્યુમન રાઈટ્સ ડેની ખાસ ઉજવણી

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર: સાબમતી યુનિવર્સિટીમાં ૭૪મા હ્યુમન રાઈટ્સ ડેની ખાસ ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત એક ખાસ વિષય, ડિગ્નીટી, ફ્રિડમ એન્ડ જસ્ટિસ ફોર ઓલ પર ખાસ ચર્ચા રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પંજાબ યુનિવર્સિટીના પ્રથમ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થી ધનંજય ચૌહાણની ખાસ ઉપસ્થિતી રહી હતી. આ કાર્યક્રમમાં સાબરમતી યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથી ધનંજય ચૌહાણે ખાસ પોતાને એક ટ્રાન્સજેન્ડર તરીકે સમાજમાં કેવી તકલીફોનો સામનો કરવો પડ્યો હતો અને સમાજમાં લોકો દ્વારા તેમને અપનાવવા અંગે ખાસ વાત પર પ્રકાશ પાડ્યો હતો. સાથે જ તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેમને તેમના પરિવાર અને સમાજ દ્વારા અપનાવવામાં પણ નહોતા આવ્યા. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટ્રાન્સજેન્ડર પ્રત્યે આજે લોકો એક અલગ જ નજર રાખે છે પરંતુ બીજી તરફ સમાજમાં જે વિચારો છે તેમજ દેશમાં ટ્રાન્સજેન્ડર માટે જે કાયદાઓ છે તેની લોકોને સમજ આપવાની વધારે જરૂર હોવાનું તેમણે જણાવ્યું હતું. લોકો ત્રીજી જાતીને અપનાવતી નથી અને તેમની તરફ ખોટી ભાવનાથી જોવામાં આવે છે. અને તેઓ ખાસ સમાજમાંથી આ જ વાતને દૂર કરવા કાર્ય કરી રહ્યા છે. તેમણે અંતમાં એ વાત ખાસ જણાવી કે દરેક માણસ છે જેને ભગવાને ઘડ્યા છે તેવામાં માણસો-માણસો વચ્ચે આ રીતના ભેદભાવનો આજના સમયમાં અંત લાવવાની જરૂરિયાત છે.

સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ.જ્યોતિ શ્રીવાસ્તવ, ડીન ડૉ.પરશુરામ ધાકડ કાયદા વિભાગના અધ્યક્ષ ડૉ.ઉદય દેશપાંડે, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ નેન્સી જૈન, ફેકલ્ટી મેમ્બર્સ શ્વેતા સાંખલા, રવિ વ્યાસ, લક્ષ્મી તિવારી સહિતના ફેકલ્ટી જોડાયા હતા.